# નિરુદ્દેશે

વર્ષા અડાલજા

વહેલી સવાર છે. મારો લખવાનો સમય. લેખ મોકલવાની ઉતાવળ છે. સાંજની ડેડલાઇન છે.

ડાઇનિંગ ટેબલ પર લખવાના ક્લીપબોર્ડ પર થોડા કોરા કાગળો અને પેન મૂક્યાં છે. આ એની નિયત જગ્યા. સેન્ટિમીટર અને દોરાવાર માપ ગણીને જીવતા મુંબઈ શહેરમાં સ્ટડીરૂમ અને રાઇટિંગ ટેબલ અમારા માટે ડિક્ષનેરીના અજાયબ શબ્દો છે, અને શાંતિ અને એકાન્ત કીમતી જણસ.

કોરા કાગળો છે, એવું જ કોરું મન. નવલકથાનાં પ્રકરણો લખાઈ જાય છે પણ નાના લેખના આરંભ ટાણે પેન હાથમાં લઉં છું અને ઝટ લખાતું નથી. સ્વયંસંપૂર્ણ અને પોતાનામાં જ સમાહિત નાનકડો લેખ. ઝીણાંશા, સાચુકલાં મોતીને વીંધવું વધુ અઘરું.

થોડો સમય વિચારતી રહી. રહી રહીને નજર બહાર જાય છે. બંધ પદ્મની જેમ ધીમે ધીમે પ્રભાત ખૂલી રહ્યું છે. એની કોમળ, ગુલાબી ઝાંયવાળી સોનેરી પાંદડીઓને હું ચકિત થઈ જોયા કરું છું. હલકીશી મીઠી સુગંધને ચાંચમાં લઈ પવનની લહેર વહી આવે છે મારી તરફ. આ તો કુદરતની આમંત્રણપત્રિકા ! હું નિરુદ્દેશે, એમ જ નીચે ઊતરી પડું છું. આ ભીડભર્યા મહાનગરમાં એક મોકળાશ છે મારી પાસે. ઘરથી થોડે દૂર દરિયો છે. થોડું ચાલીને એક પુલ પરથી બીજે છેડે ઊતરું કે હિલોળા લેતો અરબી સમુદ્ર ઘૂઘવે છે. વહેલી સવારે રસ્તાઓ ખુલ્લા અને શાંત છે. પુલ તો છેક જ નિર્જન છે. થોડી ડરીને ઉતાવળે ચાલું છું. નીચેથી મુંબઈની લાઇફલાઇન સમી લોકલ ટ્રેન સતત દોડી રહી છે. પુલ ઊતરીને આ તરફના રસ્તા પર થોડું ચાલું છું અને દેખાય છે સામે જ ક્ષિતિજ સુધી ફેલાયેલો અફાટ જળવિસ્તાર. અસંખ્ય વાર જોયેલું એ દશ્ય હજી પણ મને રોમાંચિત કરે છે. દરિયાની સમાંતરે મરીનડ્રાઇવની ફૂટપાથ પર એની સાથે આંખથી આંખ મેળવી ચાલતી રહુ છું. થોડા જોગિંગ અને ચાલવા આવેલા લોકો સિવાય ખાસ ગિર્દી નથી.

સૂરજ ઊગી રહ્યો છે. એ મૅજિકલ મોમેન્ટને કેમેરામાં ફ્રીઝ કરી લેવા પરદેશી યુગલ પાળી પર ચડીને તન્મયતાથી તસવીર ખેંચી રહ્યું છે. હું પણ પાળી પર બેસી જાઉં છું અને એ અદ્‌ભુત દશ્યને મન ભરીને જોયા કરું છું. એકમેકમાં ગૂંથાઈને યુગલ ચાલ્યું જાય છે. ચડતી-ભરતીનાં ઘૂઘવતાં મોજાં તોફાની તોખારની જેમ ધસી આવી પાળ પાછળનાં સિમેન્ટનાં બોર્ડ્સ સાથે જોરથી અથડાઈ ઊંચે ઊછળે છે. શીતળ જળબિંદુઓનાં છાંટણાંથી મારું મન ભીંજાય છે. હું થોડી આગળ ખસીને બેસું છું.

ભરતીનાં મોજાંનો વેગ વધ્યો છે, મને ક્યાંની ક્યાં લઈ જાય છે કોઈ જુદા સમયખંડમાં !

પપ્પા-મમ્મી અને બહેન ઇલા અમે સૌ એમ જ રખડવા નીકળી પડેલાં. નહીં કોઈ ઠામઠેકાણું, નહીં ક્યાંય બુકિંગ. માત્ર આવવા-જવાની ટિકિટ. એક મહિનો ગંગા-યમુનાને કાંઠે રહેવાનું. છેલ્લો મુકામ હરદ્વાર. અહીં તો અમે અઠે હી દ્વારકા કરીને રહ્યા. ગંગાકાંઠે નાનું ઘર ભાડે લીધું. રોજ સાંજે હરકીપેડી પર નિરાંતે બેસીને ગંગાઆરતીનાં દીપદર્શન કરીએ.

બે જોડી કપડાં, થોડું ખાવાનું લઈ આજુબાજુની જગ્યાઓમાં મન ભરીને રખડીએ. મસૂરી, દહેરાદૂન, ગંધકના ધોધની ખીણ જ્યાં ગમી જાય ત્યાં રહેવાનું. ફરી ડેરાતંબુ ઉઠાવીએ એમ એક વખત દેવપ્રયાગ ગયાં. દેવપ્રયાગ પાસેના રસ્તે ઉતારી બસ તો ચાલી ગઈ. દેવપ્રયાગ અલકનંદા અને ભાગીરથીના સંગમ પરની ભેખડો પર વસેલું ગામ. દૂર સુધી દેખાતી ગિરિમાળાઓ, ધસમસતી નદીઓએ ભેખડોને કોતરી નાંખી છે. ભેખડ પર ઊભા રહી વંદન કરતા મગરનાં વિશાળ વિકરાળ જડબાં ખુલ્લાં હોય એવી ભવ્ય ભયાનક સુંદરતા દેખાય. કુદરતે જળના ટાકણે કંડારેલું અદ્‌ભુત શિલ્પ !

પર્વતમાળા પાછળ સૂરજ ઊતરી ગયો અને બપોર ઉતરતાં ઘેરી રાતનો અંધકાર. હવાની જેમ ફેલાઈ ગયો. નાનું ગામ ઠંડીમાં વહેલું ઊંઘી ગયું. ત્યારે ટી.વી. નહોતાં અને અત્યાર જેટલી જીપ, ટેક્સીઓ દોડતી નહોતી. ઘેરો અંધકાર, નિઃસ્તબ્ધ શાંતિ અને ભેંકાર નિર્જનતા. પપ્પા-મમ્મી શેહ પામી ગયા. યુવાન પુત્રીઓને લઈને આખી રાત ખુલ્લામાં, રસ્તાની ધારે બેસી રહેવું ! પર્વતોના જોખમી સર્પાકાર રસ્તાઓ પર સાંજ પછી વાહનોને જવાની બંધી એટલે રડ્યુંખડ્યું વાહન કે મુસાફર મળવાનીયે કોઈ શક્યતા નહીં. મમ્મીની આંખ ભીની થઈ ગઈ. આમ જ રખડવા ન નીકળ્યા હોત તો !

પપ્પા ખૂબ સ્વસ્થ અને શાંત. એ એક ખડક પર ધ્યાનસ્થ સ્થિતિમાં બેસી રહ્યા. એમના હોઠ ફફડતા હતા. નિરવ શાંતિમાં या देवी सर्व भूतेषु मातृरूपेण संस्थिता..... શ્લોકનો લયબદ્ધ સ્વર ધીમો ગુંજી રહ્યો. સમય નદી સાથે ખળખળ વહેતો રહ્યો.

એકદમ દૂર અંધકાર. પીળા ઝાંખા પ્રકાશનું નાનું સરખું ઝૂમખું ઝૂલતું દેખાયું. પપ્પાએ આંખો ખોલી અને સામે આંગળી ચીંધી અને જવાની તૈયારી કરતા હોય એમ થેલો ખભે ભરાવ્યો. પ્રકાશ ઝૂલતો ઝૂલતો ભેખડ ચડીને અમારી તરફ આવ્યો. ફાનસ લઈને એક વ્યક્તિ અમારી પાસે આવીને ઊભી રહી. ફાનસ ઊંચું કરીને અમને જોયા, મીઠાશથી પૂછ્યું,

‘‘બાબુજી, આપ યાત્રિક લગતે હો. આશરા ચાહિયે તો હમારી સાથ હમારી ધરમશાલામેં...’’

અમે સ્તબ્ધ. એણે હસીને કહ્યું,

‘આઇયે, સોનેકી સુવિધા કર દૂંગા.’

હા-નાનો પ્રશ્ન જ ક્યાં હતો !

જાણે કોઈએ સ્નેહથી તેડું કર્યું હતું. અમને હાથ પકડી સંભાળીને વિકરાળ ભેખડ પરથી લઈ જઈને ગામમાં લઈ ગયો. કેડેથી ચાવી કાઢી એક નાના સરખા ઘરનો દરવાજો ખોલ્યો. લાકડાંનાં જૂનાં કમાડ ધક્કા સાથે ખૂલી ગયાં. એવો જ જીર્ણશીર્ણ બારણું તૂટેલો ભીંતકબાટ. એમાંથી મોટી શેતરંજી અને ઓશીકા કાઢી પાથરણું પાથર્યું. ખીંટીએ ભરાવેલું બીજું ફાનસ ઉતારી વાટ પેટાવી એક તરફ મૂક્યું.

એના આછાશા શાંત પ્રકાશમાં એ વ્યક્તિને અમે જોઈ. દૂબળું ઝીણું હાડ, થોડી ફાટેલી ચાદર વીંટાળેલી, કાબરચીતરી દાઢી અને ઝૂકેલી પીઠ.

પપ્પાએ પૂછ્યું, ''આપ બસસ્ટૅન્ડ પર રાતકો કૈસે આ ગયે ?''

એણે ડોકું ધુણાવ્યું. ફાનસની વાટ થોડી નીચી કરી.

''બસસ્ટૅન્ડ પર હંમેશાં યજમાન ઢૂંઢનેકો આતા હૂં. દો દિનસે ઠીક નહીં. સો ગયા થા. પતા નહીં ક્યા હુઆ, નીંદ ઊડ ગઈ. લગા કે કોઈ અંતિમ બસમેં ઉતર કે રાસ્તે પર બૈઠે હો, તો ક્યા કરેંગે વો લોગ ? ઉઠ ગયા. પત્નીને ટોકા, ઠંડ હૈ સો જાઓ. બાબુજી, મેરા મન નહીં માના. યજમાન સેવા હમારા કામ ભી હૈ, ધરમ ભી. કોઈ કુટુંગ કબીલાવાલા હોગા તો ઉસે તકલીફ હોગી.'' પપ્પાથી બોલાયું નહીં. ''ધન્યવાદ'' કહેતાં હાથ જોડ્યા. એણે ઉત્સાહથી કહ્યું.

''બાબુજી, આપ આરામ કીજિયે. થક ગયે હોંગે, ખાના તો ઇસ વક્ત નહીં હૈ, મૈં ગરમ ચાય લે કે આતા હૂં.

એણે બંધ ઓરડાની હવડ બારી ખોલી. બારી ખૂલતાં જ ઇન્દ્રલોકની શોભાને ઝાંખી પાડે એવું અદ્‌ભુત દૃશ્ય જોયું. અમે અવાક્ !

ભાગીરથી અને અલકનંદાના સંગમની ભેખડ પર ગોરનું નાનું શું ઘર. વાદળોનો અંતરપટ ખસેડી ચંદ્ર બહાર આવી ઊંચે ચડી રહ્યો હતો. શાંત ભાગીરથી અને ધસમસતી અલ્લડ અલકનંદા. બંનેના જોશભેર ટકરાવથી ઊંચે ઊછળતી છોળથી જળસ્તંભ રચાતો હતો. દૂર સુધી પથરાયેલી ગિરિમાળાઓ, એની ગોદમાં શિશુ જેવું પોઢી ગયેલું ગામ, પ્રચંડ ઊર્જા લઈ ધસી આવતી નદીઓ ભેગી થતાં ઊંચે ઊડતો જળફુવારો અને રૂપેરી ચાંદનીમાં નહાતું સમગ્ર દૃશ્ય !

બારીની નીચે નાના કોતરેલા થાંભલાઓ. એક સમયે જ્યારે પદયાત્રીઓ આ રસ્તેથી જતા હશે ત્યારે આ જાહોજલાલીવાળા આવાસનો આ ઝરૂખો કેટલો સુંદર હશે ! જીર્ણશીર્ણ આ ગવાક્ષ જાણે હજી કોઈ રૂપવતી રાણીની પ્રતીક્ષા કરતો હશે !

અમે તો ત્યાં જ બેસી પડ્યા. હવે કેવી નીંદર ને કેવો આરામ ! ગોર મહારાજ ગરમ ચાની કીટલી અને બેત્રણ રકાબી આપી ગયા. અમારા થેલામાં થોડો નાસ્તો તો હતો. આવી ઉજાણીનો લહાવો ફરી ક્યારે મળે ? અમે સંગમની સામે ગોખમાં બેસી રહ્યાં. મમ્મી હલકભર્યે કંઠે ગાતી હતી,

**વા વાયા ને વાદળ ઊમટ્યા,**
**ગોકુળમાં ટહુક્યા મોર,**
**મળવા આવો સુંદિરવર શામળિયા.**

પપ્પા એમના ઘૂંટાયેલા ઘેરા સ્વરે જગન્નાથનું ગંગાલહરી ગાઈ રહ્યા હતા :

**सुधासौंदर्यं ते सलिलमशिवं नः शमयतु ।**

હે મા ! તારું અમીજળ સમગ્ર પૃથ્વીનું સૌભાગ્ય ગણાય છે, તે અમારું અમંગલ, પાપનું શમન કરો.

મોડી રાત સુધી અમે ઝરૂખે બેસી શ્લોકો અને ગીતો ગાતા રહ્યા. વહેલી સવારે અમારો દેવદૂત હાજર. અમને સંગમઘાટે લઈ નદીનાં પૂજન-અર્ચન કરાવ્યાં. ચા-નાસ્તો કરાવી સમયસર બસને સમયે અમને બસસ્ટૅન્ડે પહોંચાડ્યાં. એમણે દક્ષિણા માગી નહીં, અમે આપી.

વાટેઘાટે વળાંકે જીવન વહેતું રહ્યું. કદીક ઘેરા અંધકારમાં રસ્તાની ધારે સૂનમૂન ઊભી રહી છું ત્યારે મમ્મીએ અત્યંત શ્રદ્ધાથી શામળિયાને પાડેલો સાદ સંભળાય છે, પપ્પાનો या देवी सर्वभूतेषु સ્વર દૂર વાગતા ઘંટનાદની જેમ મારા મનમાં ગુંજે છે.

રાજપથ છોડી જે સહજ ભાવે નાની કેડીએ ચાલતો રહે છે ત્યારે અપૂર્વ, અજાણ્યાં સૌંદર્યસ્થાનો ઊઘડતાં આવે છે. હરીન્દ્રભાઈની એક કાવ્યપંક્તિ મને બહુ ગમે છે,

**અટકીને હર વળાંકે, પૂછું છું સર્વને,**
**અહીંયાંથી તમને યાદ, કદી જિંદગી ગઈ ?**